<u>કચ્છ – માંડવીનાં એડીશનલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ</u>

**<u>ફોજદારી કેસ નં. ૧૧૪૭/૨૦૨૫</u>**

*શ્રી સરકાર* ... ફરીયાદી

*<u>–: વિ રૂ ઘ્ઘ :–</u>*

*મેહુલસિંહ ઉર્ફે મનોજસિંહ ચંદુભા ઝાલા* ... આરોપી

<u>ગુનો :– પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી તથા એમ.વી. એકટની કલમ–૧૮૫ મુજબ</u>

આ કામના આરોપી આજ રોજ અદાલતમાં હાજર થઈ આ ગુન્હાની કબુલાત કરવા તૈયારી દર્શાવેલ છે જેથી આ પ્રકારનો ગુન્હો જો કબુલ કરશે તેમાં કાયદામાં જે સજા દર્શાવવામાં આવેલ છે તે પ્રકારની સજા થઈ શકે છે તેવી સ્પષ્ટ સમજ કરવામાં આવેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરેલ છે, આરોપીની રજુઆત મુજબ તેમનો આ પ્રથમ ગુનો છે, તેઓ કોઈ ગુનાહિત ઈતીહાસ ધરાવતા નથી, જેથી આરોપી પોતાને સજા કરતી વખતે રહેમ દ્રષ્ટી રાખવા અરજ ગુજારેલ છે. નામદાર ગુજરાતની વડી અદાલતે **<u>૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ઘ નટવરભાઈ હરીચંદ્રજી ઠાકોર</u>**ના રીપોર્ટેડ રૂલીંગમાં પેટી ઓફેન્સીસ સ્વરૂપના આરોપીના પ્રથમ ગુનાના કામે કોર્ટ આરોપીને કાયદાથી નકકી થયેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા ભોગવવાનો હુકમ કરી શકે તેવું જે ઠરાવ્યું છે તેવી હકીકત લક્ષમાં લેતા આરોપીની રજુઆત માન્ય રાખીને નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

આરોપીને *<u>પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી તથા એમ.વી. એકટની કલમ–૧૮૫,૩, ૧૮૧</u>* મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી અનુક્રમે રૂા.*<u>૨૦૦ + ૧,૦૦૦ =૧,૨૦૦</u>*/ – અંકે રૂપિયા *<u>એક હજાર બસ્સો</u>* પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન– *<u>૦૨</u>* ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ (જો કબજે કરેલ હોય તો)વાહનની વચગાળાની કસ્ટડી સોંપતો અન્ય જો કોઈ હુકમ અગાઉ કરવામાં આવેલ હોય તો તે બિનશરતી કાયમ રાખવો અન્યથા વાહન અંગે તેના મુળ માલિકની માલિકી અંગે યોગ્ય ખરાઈ અને ખાતરી કર્યા બાદ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૧૪–૦૩–૨૦૨૬
**સ્થળ :** માંડવી

**( મયુર સુભાષભાઈ ગેલોદ )**
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માંડવી–કચ્છ
કોડ નં.જી.જે. ૦૧૭૫૬